રાજ્યના વનબંધુ વિસ્તારના
પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે
આયુર્વેદ તબીબોને માસિક ફીક્સ
પગારથી કરારના ધોરણે નિમણૂક
આપવા બાબત.

**ગુજરાત સરકાર**
**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,**
**ફા.ક્ર:GHS/૧૪૨૦૧૪/વનબંધુ-૦૨(ભાગ-૧)/ત-૧.**
**સચિવાલય,ગાંધીનગર.**
**તા.૧૩/૦૭/૨૦૨૦**

<u>વંચાણમાં લીધાઃ-</u>

(૧) આ.પ.ક. વિભાગનો તા.૨૫/૪/૧૨ નો ઠરાવ ક્રમાંકઃ-બીયુડી-૧૦૨૦૧૨-નબા-૫૯-બ.

(૨) વિભાગની તા.૦૯/૦૩/૨૦૧૯ની અધિ સુચના ક્રમાંક **GHS/૧૪૨૦૧૪/વનબંધુ-૦૨/ત-૧.**

**<u>અધિ સુચનાઃ-</u>**

વંચાણમાં લીધેલ ક્રમ-(૧) ના ઠરાવથી રાજયના વનબંધુ વિસ્તારના ૫૭ તાલુકાઓમાં તાલુકા કક્ષાએ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે આરોગ્ય વ્યવસ્થા સુદઢ કરવા માટે ૨૦૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે કેન્દ્ર દીઠ આયુર્વેદિક ડોકટરની ૧ (એક) જગ્યા તદ્દન કરાર આધારિત નિયત માસિક ફીક્સ પગાર રૂા.૨૩,૦૦૦/- (અંકે રૂપિયા ત્રેવીસ હજાર પુરા) થી ઉભી કરવામાં આવેલ છે. જે અન્વયે કૂલ-૨૦૦ ઉમેદવારોને કરાર આધારિત નિમણૂકો આપવામાં આવેલ, જેનો ૧૧ માસનો કરાર આધારિત સમયગાળો પૂર્ણ થયેથી વિભાગના વખતો વખતના હુકમોથી ઉક્ત કરાર આધારિત નિમણૂકો રિન્યું કરી છેલ્લે વંચાણે લીધેલ ક્રમ-(૨)માં દર્શાવેલ વિભાગની તા.૦૯/૦૩/૨૦૧૯ની અધિ સુચનાથી કુલ-૨૪ ઉમેદવારોના કિસ્સામાં ૧૧ માસ માટે કરારનો સમયગાળો લંબાવવામાં આવેલ, જે તા.૨૮/૦૨/૨૦૧૯ના રોંજ પૂર્ણ થયેલ. ઉક્ત વનબંધુ તબીબોના કિસ્સામાં વધુ ૧૧ માસ માટે નિમણૂકો આપવા અન્વયે સબંધિત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ મારફત મળેલ દરખાસ્તો સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જે ધ્યાને લેતાં આ સાથે સામેલ પત્રકમાં દર્શાવેલ કુલ-૨૧ આયુર્વેદ તબીબોના કિસ્સામાં તેમના નામની સામે દર્શાવેલ પત્રકના કોલમ નં.૪ મુજબના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે, નીચેની શરતો તથા આ સાથે સામેલ રાખેલ સેવા/ નિમણૂક કરારનામાની શરતો અને બોલીઓને

આધીન તદ્દન હંગામી ધોરણે, ઉમેદવાર હાજર થયા તારીખથી તા.૨૮/૦૨/૨૦૨૧ના સમયગાળા માટે કરાર આધારીત નિમણૂકો આપવાના આથી આદેશ કરવામાં આવે છે.

શરતો-

સંબંધિત જીલ્લા વિકાસ અધિકારીશ્રીએ/જીલ્લા પંચાયતે આ વિભાગના આમુખમાં જણાવેલ તા.૨૫/૪/૧૨ ના ઠરાવથી મંજુર થયેલ તથા પત્રકમાં જણાવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે જ સદર તબીબોને નિમણુંકો આપવાની રહેશે તથા ઉક્ત ઠરાવમાં ના હોય તેવા કોઇ પણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબોને મુકી શકાશે નહી.

સંબંધિત ઉમેદવારોને આ આદેશ મળ્યેથી સૌ પ્રથમ દિન-૭ માં સામેલ પત્રકના કોલમ નં.(૫) માં દર્શાવેલ સક્ષમ અધિકારીશ્રી સમક્ષ તાત્કાલીક ઉપસ્થિત થઇ મુવમેન્ટ આદેશ મેળવી સક્ષમ અધિકારીશ્રી મારફત અત્રે જાણ કરવાની રહેશે.

સદરહું આયુર્વેદ તબીબનો નિમણુંકનો સમયગાળો હાજર થયા તારીખથી તા.૨૮/૦૨/૨૦૨૧ સુધીનો રહેશે. ત્યારબાદ તેઓની કરાર આધારીત સેવાઓ આપોઆપ સમાપ્ત થયેલ ગણાશે. તેમ છતાં આ નિમણૂક તદ્દન કરાર આધારિત/હંગામી હોઇ ગમે ત્યારે વગર નોટીસે છુટા કરવા પાત્ર છે. નિમણુંકના સ્થળે હાજર થવા કોઇપણ પ્રવાસ ભથ્થું મળવાપાત્ર રહેશે નહીં. કરાર આધારિત નિમણુંકના સ્થળમાં ફેરફાર અંગે તેમજ ફરજ પર હાજર થયા બાદ બદલી અંગેની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

સદરહું નિમણુંક મેળવતા આયુર્વેદ તબીબોએ હાજર થઇને એક માસની અંદર ઉકત પત્રકના કોલમ નં.(૬) માં દર્શાવેલ મેડીકલ બોર્ડ સમક્ષ હાજર થઇ મેડીકલ ફીટનેશ સર્ટીફીકેટ મેળવવાનું રહેશે.

વિભાગની વેબસાઇટ (Web site)http://gujhealth.gov.in ઉપરથી મેળવેલ સદર આદેશ ધ્યાને લઇ સક્ષમ સતાધિકારીશ્રીએ તબીબોને ફરજના સ્થળે હાજર કરવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હરેશપરમાર)
ઉપ સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

ફા.ક્ર:GHS/૧૪૨૦૧૪/વન બંધુ-૨(ભાગ-૧)/ત-૧
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૩/૦૭/૨૦૨૦.

પ્રતિ,
સંબધિત આયુર્વેદ તબીબ તરફ......

નકલ સાદર રવાનાઃ-

- માન.નાયબ મુખ્ય મંત્રીશ્રી(આ)ના અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, પ્રથમ માળ, સચિવાલય, ગાંધીનગર.
-

નકલ રવાનાઃ-

- કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને ત.શિ.ની કચેરી,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી, (આરોગ્ય) આ.ત.સે. અને ત.શિ.ની કચેરી, ગાંધીનગર.
- ચીફ પર્સોનલ ઓફિસરશ્રી, કમિશનરશ્રી(આ)ની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત-તાપી/ બનાસકાંઠા/ વલસાડ/ સુરત/ નર્મદા/ અરવલ્લી/પંચમહાલ/ સાબરકાંઠા/ છોટાઉદેપુર/ દાહોદ/ નવસારી...તરફ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂં.
- મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જીલ્લા પંચાયત-તાપી/ બનાસકાંઠા/ વલસાડ/ સુરત/ નર્મદા/ અરવલ્લી/પંચમહાલ/ સાબરકાંઠા/ છોટાઉદેપુર/ દાહોદ/ નવસારી...તરફ જાણ તથા વનબંધુ વિસ્તારના મંજુર થયેલ તથા પત્રકમાં દર્શાવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે નિમણુંક આપવા તથા સંબંધિત આયુર્વેદ તબીબના હાજર થયાના રિપોર્ટ દિન-૭ માં અત્રે ઇ-મેઇલ- sot1health@gmail.comપર મોકલી આપવા સારૂં.
- અધ્યક્ષશ્રી,મેડીકલ બોર્ડ,સીવીલ હોસ્પિટલ- વડોદરા/સુરત/અમદાવાદ/જામનગર.
- શાખા સંગ્રહ/આદેશ ફાઇલ.

(એસ.એન.ગોસાઇ)
સેક્શન અધિકારી
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની તા.૧૩/૦૭/૨૦૨૦ની અધિસુચના ક્રમાંકઃ-જીએચએસ/૧૪૨૦૧૪/ વનબંધુ-૦૨(ભાગ-૧)/ત-૧ સાથેનું આયુર્વેદ તબીબોની નિમણુંક અંગેની વિગતો દર્શાવતું પત્રક

| અ.નં. | મુળ આદેશ ક્રમ નં. | ઉમેદવારનું નામ સરનામું | નિમણુંકનું સ્થળ | સૌ પ્રથમ કયા અધિકારીશ્રી સમક્ષ હાજર થવાનું રહેશે. | મેડીકલ ફીટનેશ અર્થે કયા મેડીકલ બોર્ડ સમક્ષ હાજર થવાનુ રહેશે. |
|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 1 | 73 | NEHAKUMARI VALJIBHAI SARVAIYA<br>SHREE V B BHAYANI U B VIDHYALAYA DOLIYA TA SAYLA DIST SURENDRANAGAR | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- બુહારી, તા.વાલોડ, જી.તાપી | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત- તાપી | સુરત |
| 2 | 102 | DAKSHABEN NARSHINHBHAI HAINAVADIA<br>PRAKASH NAGAR TAJPURA ROAD, MANSAROVAR ROAD FATAK BAHAR C/O. SIDDHI CLINIC PALANPUR | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- હડાદ, તા.દાંતા, જી.બનાસકાંઠા | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત- બનાસકાંઠા | અમદાવાદ |
| 3 | 125 | SAPANBEN NATVARLAL PATEL<br>NAYAKI FALIYA AT POST KAKADMATI TA - VALSAD | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- ધરાસણા, તા.વલસાડ, જી.વલસાડ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત- વલસાડ | સુરત |
| 4 | 138 | KINNARI DEVJIBHAI PATEL<br>AT POST FALADHRA VANJAR FALIU TA VALSAD | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- ચણવાઇ, તા.વલસાડ, જી.વલસાડ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત- વલસાડ | સુરત |
| 5 | 140 | SWATI CHAMPAKLAL PATEL<br>B72 SARU NAGAR SOCIETY SOMESHVAR CHAR RASTA PIPLOD SURAT | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- સાંધીએર, તા.ઓલપાડ, જી.સુરત | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત- સુરત | સુરત |
| 6 | 144 | ANJANABEN RANABHAI SOLANKI<br>23,DATATREY SOCIETY,SHASHTRI ROAD,BEHIND MAMTA HOSPITAL, BARDOLI,DIST-SURAT,GUJARAT | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- વાવ, જી.સુરત | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત- સુરત | સુરત |
| 7 | 175 | PRADHUMAN MANHARDAN GADHAVI<br>16,PURUSHARTHA NAGAR SOCITY,RADHANPUR ROAD,NEAR JAKAT NAKA, MAHESANA | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- જાબચીતરીયા, તા.ભીલોડા, જી.અરવલ્લી | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત- અરવલ્લી | અમદાવાદ |
| 8 | 176 | HIRENKUMAR JAYANTILAL PRAJAPATI<br>51 GOVERDHAN NAGAR 2 BH FCI GODOWN SAMPA ROAD BHURAVAV GODHRA | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- સીમલીયા, તા.ઘોઘંબા, જી.પંચમહાલ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત- પંચમહાલ | વડોદરા |
| 9 | 191 | HETALBEN MOTIBHAI PATEL<br>AT PO KHERANCHA TA BHILODA, SK (Himmatnagar) | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- ટોરડા, તા.ભીલોડા, જી.અરવલ્લી | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત- અરવલ્લી | અમદાવાદ |

| અ.નં. | મુળ આદેશ ક્રમ નં. | ઉમેદવારનું નામ સરનામું | નિમણુંકનું સ્થળ | સૌ પ્રથમ કયા અધિકારીશ્રી સમક્ષ હાજર થવાનું રહેશે. | મેડીકલ ફીટનેશ અર્થે કયા મેડીકલ બોર્ડ સમક્ષ હાજર થવાનુ રહેશે. |
|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 10 | 196 | AJAYKUMAR GALJIBHAI PANDOR B/37 BHOOMI PARK SOCIETY VAVOL DIST GANDHINAGAR | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- કોડીયાવાડા, તા.વિજયનગર, જી.સાબરકાંઠા | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત- સાબરકાંઠા | અમદાવાદ |
| 11 | 199 | INDIRA MANIBHAI PATEL PLOT NO-307/1 SECTOR-8 MANGALMURTI PARK SOCIETY GANDHINAGAR | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- મુનાઇ, તા.ભીલોડા, જી.અરવલ્લી | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત- અરવલ્લી | અમદાવાદ |
| 12 | 216 | KRUPALBAHEN RAJESHKUMAR BHATT 24, VRUNDAVANNAGAR-2, BAMROLI ROAD, GODHRA PANCHMAHALS (Godhra) | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- મહેલોલ, તા.હાલોલ, જી.પંચમહાલ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત- પંચમહાલ | વડોદરા |
| 13 | 220 | NILAM RASIKLAL KANANI NILAM HIRENBHAI KOTECHA B/37 NAVRANG SOC KARODIYA ROAD GORWA VADODARA 390016 | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- ગઢબોરીયાદ, તા.નસવાડી, જી.છોટાઉદેપુર | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત- છોટાઉદેપુર | વડોદરા |
| 14 | 247 | JATINKUMAR MANIBHAI PRAJAPATI 61 VALLABH NAGAR SOCIETY NEAR CHAKRADHARI SOCIETY BHURAVAV GODHRA, PANCHMAHALS | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- વાવકુંડલી, તા.ઘોઘંબા, જી.પંચમહાલ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત- પંચમહાલ | વડોદરા |
| 15 | 274 | URMILABEN RAJNIKANT VARMA URMILABEN AMBALAL RATHOD A 43 GIRIVRUND SOCIETY SECTOR 2 OPP KUBERESHWAR MAHADEV SAIJPUR NARODA ROAD AHMEDABAD | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- મહુડી, તા.ઝાલોદ, જી.દાહોદ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત- દાહોદ | વડોદરા |
| 16 | 281 | JAIMISHKUMAR RAJUBHAI PARMAR 25 SHRI GANESH SOCIETY NEAR CHAKRADHARI SOCIETY BHURA VAV GODHRA DIST PANCHMAHALS (Godhra) | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- મેત્રાલ, તા.મોરવાહડફ, જી.પંચમહાલ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત- પંચમહાલ | વડોદરા |
| 17 | 284 | UNNATI DILIPKUMAR PATEL NR RAMJIMANDIR AT PO SATEM TA DI NAVSARI | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- કરચેલીયા, તા.મહુવા, જી.સુરત | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત- સુરત | સુરત |
| 18 | 286 | RUPALBAHEN DHIRUBHAI CHAUDHARI 134, JAY JALARAM NAGAR SOC., OPP. JIN PETROL PUMP, JAHANGIRPURA, SURAT. | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- અગાસવાણ તા.સોનગઢ, જી.તાપી | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત- તાપી | સુરત |
| 19 | 287 | HETALBEN NAHERUBHAI DESHMUKH SARVMANGAL SOCIETY, B/18 NANI CHOVISI, B/H- SWAMI NARAYAN TEMPLE, NAVSARI | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- તોરણવેરા, તા.ખેરગામ, જી.નવસારી | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત- નવસારી | સુરત |

| અ.નં. | મુળ આદેશ ક્રમ નં. | ઉમેદવારનું નામ સરનામું | નિમણુંકનું સ્થળ | સૌ પ્રથમ કયા અધિકારીશ્રી સમક્ષ હાજર થવાનું રહેશે. | મેડીકલ ફીટનેશ અર્થે કયા મેડીકલ બોર્ડ સમક્ષ હાજર થવાનુ રહેશે. |
|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 20 | 291 | MITABEN JAMANBHAI BAVISA<br>25 TEJENDRAPARK SOC- 201<br>VIRANI APPT VARACHHA ROAD<br>SURAT | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- ઓરણા, તા.કામરેજ, જી.સુરત | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત- સુરત | સુરત |
| 21 | 356 | VIKASKUMAR NATVARLAL<br>PANCHAL<br>BLOCK NO 1/4 CH SECTOR 22<br>GANDHINAGAR | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- નીનામાના ખાખરીયા, તા.લીમખેડા, જી.દાહોદ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત- દાહોદ | વડોદરા |

(એસ.એન.ગોસાઇ)
સેકશન અધિકારી,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

# <u>સેવા/નિમણુંક અંગેની કરારનામાની બોલીઓ અને શરતો</u>

*આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૨૩/૦૭/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંકઃ જીએચએસ/૧૪૨૦૧૪/વનબંધુ-૦૨/ન (ભાગ-૨)/ન-૨ થી કરાર આધારીત આયુર્વેદ તબીબી અધિકારીની જગ્યાએ નિમણુંક મેળવતા આયુર્વેદ તબીબોની સેવા/નિમણુંક અંગેની કરારનામાની શરતો અને બોલીઓ.*

---

આ કરાર(કોન્ટ્રાક્ટ) ..........................................મુકામે સને ૨૦૨૦ ની ............... માસની ......... ................તારીખે એકપક્ષે ખાનગી કરારબધ્ધ તબીબ ............................... અને બીજા પક્ષે જીલ્લા વિકાસ અધિકારીશ્રી, ........................... (આ ખાતામાં હવે પછી જેનો ઉલ્લેખ 'સરકાર' તરીકે કર્યો છે.) વચ્ચે કરવામાં આવે છે.

જેમા સરકારશ્રીએ એકપક્ષવાળાને વનબંધુ વિસ્તારના ખાનગી કરારબધ્ધ આયુર્વેદ તબીબ તરીકે હંગામી. ધોરણે રાખેલ છે અને એકપક્ષવાળા કરારબધ્ધ તબીબ તરીકે નીચે દર્શાવેલ શરતો અને બોલીઓને આધીન રહીને સરકારમાં સેવા આપવા સંમત થયા છે.

ઉકત દર્શાવેલ બંને પક્ષ સાક્ષીઓની હાજરીમાં નીચે મુજબની શરતો અને બોલીઓ કબુલ મંજુર થયા છે. (સંમત થયા છે. )

(૧) શ્રી........................ ને કરાર સમયગાળા દરમ્યાન રૂ/................ નો માસિક ફિક્સ પગાર/માનદ વેતન મળશે. તેઓની નિમણુંક કરારના ધોરણે ગણવામાં આવશે તથા કરારની મુદત હાજર થયા તારીખથી તા. ૨૮/૦૨/૨૦૨૨ સુધીની રહેશે.

(૨) ઉભયપક્ષે એક માસની નોટીસ અથવા એક માસની ફિક્સ પગારની રકમ/માનદ વેતન સાથેનો નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.

(૩) નિયત ફીકસ પગાર/માનદ વેતન પર કોઇ પણ જાતના ભથ્થાં મળવાપાત્ર થશે નહી.

(૪) કરારના સમયગાળા દરમ્યાન શ્રી......................... ને ફીકસ પગાર/માનદ વેતનમાં કોઇપણ વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહી. મોઘવારી ભથ્થું, વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો કે સેવા વિષયક અન્ય કોઇ લાભો મળવાપાત્ર થશે નહી.

(૫) કરારના સમયગાળા દરમ્યાન મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહી.

(૬) કરારના સમયગાળા દરમ્યામન બજાવેલ સેવા/નોકરી પેન્શ ન, બોનસ, એલ.ટી.સી., એન્કે શમેન્ટે ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય કોઇ નાણાકીય લાભો સરકારશ્રી પાસેથી મેળવવાને પાત્ર ગણાશે નહી.

(૭) કરારના સમયગાળા દરમ્યા ન કર્મચારીનું અવસાન થાય તો તેમણે બજાવેલી ફરજના સમયગાળાના ફીકસ પગાર/માનદ વેતનની લેણી રકમ કર્મચારીના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા લાભ, એકસગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહી.

(૮) શ્રી........................................... એ સમાન સંવર્ગના અધિકારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઇવેટ પ્રેકટીસ કે અન્યરત્ર પાર્ટટાઇમ નોકરી કરી શકાશે નહી. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લઇ શકાશે નહિ.

(૯) શ્રી...................................... ને કરારના સમય દરમ્યાનન વાર્ષિક ધોરણે ૧૪ પરચુરણ રજા મળવાપાત્ર થશે. અન્ય. કોઇ રજા મળવાપાત્ર થશે નહી. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના દિવસનાં પગારની કપાત કરી લેવામાં આવશે. મહિલા કર્મચારીઓને રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે.

(૧૦) શ્રી...................................... એ કાર્યમથક પર રહેઠાણે રહેવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય.મથક છોડી શકાશે નહિ.

(૧૧) ફરજના ભાગરૂપે મુખ્યામથકથી ૮ કિ.મી. બહાર જવાનું થાય તો ૬ કલાકથી વધુ અને ૧૨ કલાક સુધીના રોકાણ માટે સંબંધિત સંવર્ગના અધીકારીને મળવાપાત્ર દૈનિક ભથ્થા. મળવાપાત્ર થશે તેમજ મુસાફરી ભાડા પેટે એસ.ટી. બસ/રેલ્વેથનું મળવાપાત્ર વર્ગનું ભાડુ મળવાપાત્ર થશે.

(૧૨) કરારના સમયગાળા દરમ્યા નની અસંતોષકારક કામગીરી કે અશિસ્તપ બદલ કોઇપણ જાતની નોટીસ આપ્યાર સિવાય કોઇપણ સમયે નોકરી સમાપ્તક કરવામાં આવશે.

(૧૩) સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નકકી થાય તે પણ બંધનકર્તા રહેશે.

(૧૪) વ્યાવસાય વેરાની કપાત નિયમાનુસાર ફીકસ પગાર/માનદ વેતનમાંથી કરી લેવાની રહેશે.

(૧૫) નિમણુંકના સમય દરમ્યારન તેમણે બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઇપણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજ્ય સરકારની કોઇ જવાબદારી રહેશે નહિ.

(૧૬) કરાર આધારીત ઉચ્ચ ક વેતનથી/ માનદ વેતનથી નિમણુંક પામેલ વ્યણક્તિને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટી થવા માટેનો કોઇ હકક પ્રાપ્તે થશે નહીં.

(૧૭) ઉપરોકત શરતો નિમણુંક પામનાર વ્યનક્તિને સ્વિ કાર્ય છે., તે અંગેનું સંમતિપત્ર મેળવવાનું રહેશે.

(૧૮) આ કરાર આધારીત ફરજ ઉપર જોડતાં પહેલાં શારીરિક યોગ્યવતા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૧૯) કરારથી ફીકસ પગારથી/માનદ વેતનથી જોડાનાર વ્યતક્તિએ કરાર કરવાનું સ્વિરકારતાં પહેલાં તેમની સેવા લેનાર સત્તાધીકારીને યોગ્યર લાગે તો પર્સનલ એકસીડન્ટ યોજના અંતર્ગત વીમો મેળવો લેવાનો, અધતન કરાવવાનો તથા તેનો આધાર કચેરીમાં રજૂ કરવાનો રહેશે. આ અંગે વીમાના પ્રિમીયમનો ખર્ચ કચેરી દ્વારા ભોગવવામાં આવશે નહિ.

(૨૦) કરારથી નિમણુંક પામનાર ઉમેદવાર કરારની શરતોનું પાલન કરશે તેવી લેખિત બાંહેધરી કરારનામામાં મેળવી લેવાની રહેશે.

ઉપર મુજબનાં કરારના સમય દરમ્યાન સરકારને એવું જણાય કે ખાનગી કરારબધ્ધ ડોકટર તેઓના કરારનામા પ્રમાણે સંતોષકારક સેવાઓ આપવામાં નિષ્ફળ ગયેલ છે , અગર તો ખોટી માહિતીના આધારે કરારબધ્ધ તબીબ તરીકે નિમણુંક મેળવેલ છે. તેવું માલુમ પડે તો તેવા સમયે વર્ષના કોઇપણ સમયે સરકાર કોઇ પણ જાતની નોટીસ આપ્યા સિવાય છુટા કરી શકશે.

પહેલા પક્ષે ખાનગી કરારબધ્ધ ડોકટર અને બીજા પક્ષે સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી ,
............................ સાક્ષીઓની હાજરીમાં સહી/-..........................

<u>(એક પક્ષવાળા તરફથી સહી)</u>

નીચે દર્શાવેલ સાક્ષીઓની હાજરીમાં (નામઃ- )

સાક્ષીઓઃ- ૧.......................................................

૨.......................................................

<u>(બીજા પક્ષવાળા તરફથી સહી)</u>

(નામઃ- )

જીલ્લા વિકાસ અધિકારીશ્રી /મુ.જી.આ.અધિ.શ્રી

........ ......................... જીલ્લો.......................